**નવી સેવા-૨૦૧૪-૧૫.**

ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, અમદાવાદ તથા તાલીમકેન્દ્રો માટે ઝેરોક્ષ મશીન ખરીદવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૩/૧૯૪૯/ફ**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૧૮/૭/૨૦૧૪

**વંચાણે લીધાઃ-**

(૧) ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદનો તા.૨૧/૧૧/૨૦૧૩ નો પત્ર ક્રમાંકઃકજ/મેઇન્ટે/ઝેરોક્ષ/૧૧૦/૯૯૧-૯૨/૨૦૧૩.

**ઠરાવઃ-**

ડાયરેકટ જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદ તથા તેના નિયંત્રણ હેઠળના તાલીમકેન્દ્રો માટે ૦૪ કલર ઝેરોક્ષ તેમજ ૦૩ નંગ બ્લેક એન્ડ વ્હાઇટ ઝેરોક્ષ મશીન ખરીદવા અંગે વર્ષ ૨૦૧૪-૧૫ ની નવી સેવા તરીકે સમાવવા ઉકત ક્રમાંક(૧) થી મળેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદની ઉકત ક્રમાંક(૧) ના પત્રથી મળેલ દરખાસ્ત પરત્વે વર્ષ ૨૦૧૪-૧૫ ની નવી સેવા તરીકે ૦૨ નંગ બ્લેક એન્ડ વ્હાઇટ ઝેરોક્ષ મશીન અંદાજીત રૂ.૬,૧૧,૦૦૦/- (અંકે રૂપિયા છ લાખ અગ્યાર હજાર પુરા) ખરીદવાના ખર્ચને વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં નવી સેવા તરીકે સમાવિષ્ટ કરવાની બાબતે નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) બજેટ જોગવાઇને વિભાનસભાની મંજુરી મળ્યા બાદ નાણા સલાહકારશ્રીના પરામર્શમાં વહીવટી મંજુરી અંગે હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતીની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.



D:\Vijay Backup\Vijay\PRC\New Item 2014-15\New Item Home Guards.docx

આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવામાં આવશે અને તે હેઠળ ચાલુ વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | માંગણી નંબર | ૪૬ |
| ૨ | મુખ્ય સદર | ૨૦૭૦-અન્ય વહીવટી સેવાઓ |
| ૩ | પેટા મુખ્ય સદર | ૦૦ |
| ૪ | ગૌણ સદર | ૧૦૭ ગૃહરક્ષક દળ |
| ૫ | પેટા સદર | (૦૧) ગૃહરક્ષક દળ |
| ૬ | ખર્ચનો પ્રકાર | ૭૫ ટકા પ્લાન ૨૫ ટકા નોન પ્લાન |
| ૭ | ખર્ચનું હેડ ચાર્જેબલ | ૨૦૭૦ ૦૦ ૧૦૭ ૦૧ |
| ૮ | સ્કીમ કોડ | MEP-25 |
| ૯ | પ્લાન કોડ | 114525 |

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૦/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડ્યા)**
ઉપ સચિવ
ગૃહવિભાગ

પ્રતિ,

- ડાયરેકટર જનરલશ્રી, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય, શાહીબાગ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
- અગ્રસચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ.